# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા
## સત્સંગ શિક્ષણ પરીક્ષા

## ઉકેલ પત્ર : સત્સંગ પ્રાજ્ઞ - પ્રથમખંડ

### પ્રશ્નપત્ર-૧

(સમય : સવારે ૯થી૧૨) રવિવાર, ૧ માર્ચ, ૨૦૦૯ કુલ ગુણ : ૧૦૦

**અભ્યાસક્રમના વચનામૃતઃ** ગ.પ્ર.-૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૪, ૨૭, ૩૭, ૪૪, ૪૭, ૫૦, ૬૦, ૬૭, ૬૮, ૭૧, ૭૬, સારંગપુર-૭, પંચાળા-૩, ૭.

(વિભાગ-૧ 'વચનામૃત' નવમી આવૃતિના આધારે)

**પ્ર.૧ નીચે આપેલાં સૈધ્ધાંતિક વાક્ય, દૃષ્ટાંત કે વિષયમાંથી કોઈ પણ ત્રણ ઉપર મુદ્દાસર નોંધ લખો. (કુલ ગુણ : ૨૧)**

☞ **નોંધ :- જવાબોની સમજૂતી માટે નીચેના મુદ્દાઓની આવશ્યકતા.**

| | | |
|---|---|---|
| ૧. | પરોક્ષ શાસ્ત્રોનું પ્રમાણ, પરોક્ષના ભક્તોના કીર્તન / શ્લોક અથવા સાખી | ૧ ગુણ |
| ૨. | શ્રીજીમહારાજના વચનામૃત અથવા સ્વામીની વાતુના પ્રમાણ | ૧ ગુણ |
| ૩. | નંદ પંક્તિનાં કીર્તનો અથવા ગુરુ પરંપરાના કીર્તનો - સાખી અથવા આપણા અન્ય શાસ્ત્રો | ૧ ગુણ |
| ૪. | ઉપરના સંદર્ભો વધુ સ્પષ્ટ કરતાં પ્રસંગો અથવા દૃષ્ટાંતો બે કે તેથી વધુ. | ૩ ગુણ |
| ૫. | પ્રગટ સત્પુરુષના અનુસંધાન સાથે ઉપસંહાર. | ૧ ગુણ |
| ૬. | આપનો નિર્ણય આખરી ગણાશે. | |

**૧. માહાત્મ્યરૂપી ખટાઈનું દૃષ્ટાંત સિદ્ધાંત સહિત સમજાવો. (ગ.પ્ર.૨૪)**

**જ.** જેમ લીંબુની એક ચિરય ચૂશી હોય તો થોડા થોડા દાંત અંબાય પણ હળવા હળવા ચણા ચવાય ખરા; ને જો આખું લીંબુ ચૂશ્યું હોય તો ચણા ખવાય નહિ ને મગનો દાણો પરાણે પરાણે ચવાય; અને જો ઘણાં લીંબુ ચૂશ્યાં હોય તો રાંધેલો ભાત પણ ચવાય નહિ. તેમ ભગવાનનો નિશ્ચય અને માહાત્મ્યરૂપી જેને ખટાઈ ચડી હોય તેની ચાર અંતઃકરણ ને દશ ઈન્દ્રિયોરૂપ જે ડાઢ્યો તે સર્વે અંબાઈ જાય છે, ત્યારે એ જીવ મનરૂપ પોતાની ડાઢ્યે કરીને વિષયના સંકલ્પરૂપી ચણાને ચાવવાને સમર્થ થતો નથી.

**૨. 'જેને એકાંતિકના ધર્મમાં સ્થિતિ થઈ હોય તે થકી જ એકાંતિકનો ધર્મ પમાય છે.' (ગ.પ્ર.૬૦)**

**જ.** આવી રીતનો જે એકાંતિક ધર્મ તે તો જે એવા નિર્વાસનિક પુરુષ હોય અને જેને ભગવાનને વિષે સ્થિતિ થઈ હોય તેને વચને કરીને જ પમાય પણ ગ્રંથમાં લખી રાખ્યો હોય તેણે કરીને નથી પમાતો. અને કોઈક સાંભળીને તેવી ને તેવી વાત કહેવા જાય તો કહેતાં પણ આવડે નહિ, માટે જેને એકાંતિકના ધર્મમાં સ્થિતિ થઈ હોય તે થકી જ એકાંતિકનો ધર્મ પમાય છે.

**૩. ભગવાનને જાણ્યામાં જેને સંશય હોય ને તે જો ઊર્ધ્વરેતા નૈષ્ઠિક બ્રહ્મચારી હોય અને મહાત્યાગી હોય તો પણ તેનું કલ્યાણ થવું અતિ કઠણ છે. (પં.૭)**

**જ.** આવી રીતે જેને પ્રત્યક્ષ ભગવાનના સ્વરૂપની દૃઢ ઉપાસના હોય ને તેને ભગવાનના સ્વરૂપમાં કોઈ દિવસ માયિકપણાનો સંશય ન થતો હોય ને તેને કદાચિત કોઈ કુસંગને યોગે કરીને અથવા પ્રારબ્ધકર્મને યોગે કરીને કાંઈ અવળું વર્તાઈ જાય તોપણ તેનું કલ્યાણ થાય. અને જો આવી રીતે ભગવાનને જાણ્યામાં જેને સંશય હોય ને તે જો ઊર્ધ્વરેતા-નૈષ્ઠિક બ્રહ્મચારી હોય ને મહાત્યાગી હોય, તોપણ તેનું કલ્યાણ થવું અતિ કઠણ છે.

**૪. 'કલ્યાણને અર્થે જતન કરે છે તેની બુદ્ધિ થોડી છે તો પણ કુશાગ્રબુદ્ધિવાળો છે.' (ગ.પ્ર.૫૦)**

**જ.** કેટલાક તો વ્યવહારમાં અતિ ડાહ્યા હોય તોપણ પોતાના કલ્યાણને અર્થે કાંઈ જતન કરે નહિ તથા કેટલાક શાસ્ત્ર, પુરાણ, ઈતિહાસ તેના અર્થને સારી પેઠે જાણતા હોય તોપણ પોતાના કલ્યાણને અર્થે કાંઈ જતન કરે નહિ માટે એને કુશાગ્રબુદ્ધિવાળા ન જાણવા, એને તો જાડીબુદ્ધિવાળા જાણવા. અને જે કલ્યાણને અર્થે જતન

કરે છે ને તેની બુદ્ધિ થોડી છે તોપણ તે કુશાગ્રબુદ્ધિવાળો છે.

**૫. પ્ર.૪૭માં મહારાજે નિરૂપેલા એકાંતિક ધર્મના અંગમાં - ધર્મનિષ્ઠા અને આત્મનિષ્ઠા. (ગ.પ્ર.૪૭)**

**જ.** જેની **ભાગવતધર્મનિષ્ઠા** પ્રધાન હોય તે તો અહિંસા, બ્રહ્મચર્યાદિકરૂપ જે પોતાનો વર્ણાશ્રમ સંબંધી સદાચાર તેણે યુક્તથકો નિર્દંભપણે કરીને ભગવાન અને ભગવાનના ભક્તની સેવા-ચાકરી કરવી તેને વિષે પ્રીતિએ યુક્ત વર્તે અને તે ભક્તને ભગવાનનાં મંદિર કરવાં તથા ભગવાનને અર્થે બાગબગીચા કરવા તેને વિષે રુચિ વર્તે તથા ભગવાનને નાના પ્રકારનાં નૈવેદ્ય ધરવાં તેમાં રુચિ વર્તે અને ભગવાનનાં મંદિરમાં તથા સંતની જાયગામાં લીંપવું તથા વાળવું તેને વિષે રુચિ વર્તે અને ભગવાનની શ્રવણકીર્તનાદિક જે ભક્તિ તેને નિર્દંભપણે કરે અને તે ધર્મનિષ્ઠાવાળા ભક્તને ભાગવતધર્મે યુક્ત એવું જે શાસ્ત્ર તેના શ્રવણકીર્તનાદિકને વિષે અતિશય રુચિ વર્તે. અને જેને **આત્મનિષ્ઠા** પ્રધાન હોય તે તો ત્રણ દેહ અને ત્રણ અવસ્થા તેથી પર અને સત્તારૂપ એવો જે પોતાનો આત્મા તે રૂપે નિરંતર વર્તે અને પોતાના ઈષ્ટદેવ એવા જે પ્રત્યક્ષ શ્રીકૃષ્ણપરમાત્મા તેને સર્વથી પર અને અતિશુદ્ધસ્વરૂપ અને સદા દિવ્ય સાકાર મૂર્તિ સમજે અને તે પોતાનો આત્મા તથા તે પરમાત્મા તેના શુદ્ધ સ્વરૂપના પ્રતિપાદનની કરનારી જે વાર્તા તેને પોતે કરે અને બીજાથી સાંભળે તથા તેવી રીતના શાસ્ત્રમાં પ્રીતિએ યુક્ત વર્તે અને પોતાને આત્મસત્તાપણે વર્તવું તેમાં વિક્ષેપ આવે તો તેને સહન કરી ન શકે એવી પ્રકૃતિવાળો હોય.

**પ્ર.૨ નીચે આપેલાં અવતરણોની પૂર્તિ કરો અને વચનામૃતનો ક્રમાંક ટાંકો. (કુલ ગુણ : ૧૫)**

☞ **નોંધ :(૧) વચનામૃત અવતરણની પૂર્તિના ૨½ ગુણ અને વચનામૃત ક્રમાંકનો ½ ગુણ.**
**(૨) વચનામૃત ક્રમાંક સાથે આપેલા આંકડા અવતરણ નંબર છે. જે પરીક્ષાર્થીએ લખેલા હોવા જરૂરી નથી.**

૧ ‘અને વર્તમાનની આડ્યે કરીને મોટા સંતનો સ્પર્શ ન થાય તો તેના ચરણની રજ લઈને માથે ચડાવે તેણે કરીને પવિત્ર થાય અને તેમ જ મોટા સંતને દર્શને કરીને પણ પવિત્ર થાય, પણ વર્તમાન રાખીને દર્શન કરવાં. તેમ જ તે મોટાની પ્રસાદી છે, તેને જમવે કરીને પણ પવિત્ર થાય છે.’ **(ગ.પ્ર.૧૮)** (૨)

૨ ‘જ્ઞાન, ભક્તિ, વૈરાગ્યાદિક જે અનંત શુભ ગુણ તેણે યુક્ત જે ભક્ત હોય તેના હૃદયમાં ભગવાન નિવાસ કરે છે. પછી તે ભક્ત જે તે ભગવાનને પ્રતાપે કરીને અનંત પ્રકારનાં ઐશ્વર્યને પામે છે ને અનંત જીવના ઉદ્ધારને કરે છે અને એવી સામર્થિએ યુક્ત થકો પણ અન્ય જીવનાં માન-અપમાનને સહન કરે છે એ પણ મોટી સામર્થિ છે, કાં જે સમર્થ થકા જરણા કરવી તે કોઈથી થાય નહિ, એવી રીતે જરણા કરે તેને અતિ મોટા જાણવા.’ **(ગ.પ્ર.૨૭)** (૧૮)

૩ ‘આત્મનિષ્ઠા તો હોય પણ જો શ્રીહરિને વિષે પ્રીતિ ન હોય તો તે પ્રીતિએ કરીને થઈ જે શ્રીહરિની પ્રસન્નતા તેણે કરીને જ પામવા યોગ્ય એવું મોટું ઐશ્વર્ય જે ‘માયાના ગુણે કરીને પરાભવ ન પમાય એવું મોટું સામર્થ્ય’ તેને એ ભક્ત નથી પામતો.’ **(ગ.પ્ર.૧૯)** (૭)

૪ ‘અને જેમ નેત્રે કરીને અનંત પ્રકારના રૂપના સ્વાદને લે છે તેમજ શ્રોત્ર, ત્વક્, રસના, ઘ્રાણ ઈત્યાદિક સર્વે ઈન્દ્રિયોએ કરીને વિષયસુખને ભોગવે છે ને જાણે છે, પણ પોતે પોતાના સુખને ભોગવતો નથી ને પોતે પોતાના રૂપને જાણતો નથી એ જ સર્વ અજ્ઞાનીમાં અતિશય અજ્ઞાની છે, અને એ જ ઘેલામાં અતિશય ઘેલો છે, અને એ જ મૂર્ખમાં અતિશય મૂર્ખ છે, અને એ જ નીચમાં અતિશય નીચ છે.’ **(ગ.પ્ર. ૨૦)** (૯)

૫ ‘મનોમય ચક્ર તે મનને જાણવું અને એની ધારા તે દશ ઈન્દ્રિયો છે એમ જાણવું. અને તે ઈન્દ્રિયોરૂપ જે મનની ધારા તે જે ઠેકાણે ઘસાઈને બૂઠી થઈ જાય તેને નૈમિષારણ્ય ક્ષેત્ર જાણવું. તે ઠેકાણે જપ, તપ, વ્રત, ધ્યાન, પૂજા એ આદિક જે સુકૃત તેનો જે આરંભ કરે તે દિનદિન પ્રત્યે વૃદ્ધિ પામે. એવું જે નૈમિષારણ્ય ક્ષેત્ર તે જે ઠેકાણે ભગવાનના એકાંતિક સાધુ રહેતા હોય તે ઠેકાણે જાણવું.’ **(સા.૭)** (૨૮)

**પ્ર.૩ નીચે આપેલાં વિષયોમાંથી કોઈ પણ એક ઉપર અભ્યાસક્રમના વચનામૃતનો ક્રમાંક નોંધી બે અવતરણો લખો. (કુલ ગુણ : ૪)**

☞ **નોંધ : (૧) વચનામૃત અવતરણના ૧½ ગુણ અને વચનામૃત ક્રમાંક - ½ ગુણ.**
**(૨) અવતરણના અંતે કૌંસમાં આપેલા આંકડા અવતરણ નંબર છે. જે પરીક્ષાર્થીએ લખેલા હોવા જરૂરી નથી.**

**૧. અક્ષરરૂપ - બ્રહ્મરૂપ :-** ૧. **(ગ.પ્ર. ૨૧)** 'માટે આપણા સત્સંગી સર્વેને તો એમ જ નિશ્ચય કરવો જે 'આપણે પણ એ અક્ષરરૂપ જે મુક્ત તેમની પંક્તિમાં ભળવું છે અને અક્ષરધામમાં જઈને અખંડ ભગવાનની સેવામાં હજૂર રહેવું છે પણ નાશવંત ને તુચ્છ એવું જે માયિક સુખ તેને ઇચ્છવું નથી ને એમાં કોઈ ઠેકાણે લોભાવું નથી.' એવો દૃઢ નિશ્ચય રાખીને નિરંતર ભગવાનની એકાંતિક ભક્તિ કરવી.' **(૧૨)** ૨. **(ગ.પ્ર. ૪૪)** 'માટે દેહ ને દેહના સંબંધીને વિષે અહંમમત્વનો ત્યાગ કરીને, પોતાના આત્માને બ્રહ્મરૂપ માનીને, સર્વ વાસનાનો ત્યાગ કરીને સ્વધર્મમાં રહ્યો થકો જે ભગવાનને ભજે છે તે સાધુ કહેવાય છે.' **(૨૨) ૨. ગુણગ્રહણ :-** ૧. **(ગ.પ્ર. ૨૪)** 'તેમ ભગવાનને વિષે જે જાતનો દોષ કલ્પે છે તે દોષ પોતાને દુઃખ દે છે. અને પોતામાં ગમે તેવા ભૂંડા સ્વભાવ હોય ને જો ભગવાનને અતિશય નિર્દોષ સમજે તો પોતે પણ અતિશય નિર્દોષ થઈ જાય છે.' (૧૫) ૨. **(ગ.પ્ર. ૨૪)** 'જ્યારે કોઈ હરિભક્તનો દોષ નજરમાં આવે ત્યારે એમ સમજવું જે 'આનો સ્વભાવ તો સત્સંગમાં ન ઘટે એવો છે તોય પણ એને જો સત્સંગ મળ્યો છે અને એ જો જેવો તેવો છે તોય પણ સત્સંગમાં પડ્યો છે તો એનો પૂર્વજન્મનો અથવા આ જન્મનો સંસ્કાર ભારે છે તો આવો સત્સંગ મળ્યો છે.' એમ સમજીને તેનો પણ અતિશય ગુણ લેવો.' (૧૬) ૨.**(ગ.પ્ર. ૬૭)** 'પરમેશ્વરની વાતમાં તો લેશમાત્ર સમજતો જ નથી માટે મને ધિક્કાર છે.' એવી રીતે અનુતાપ કરે અને મોટા પુરુષનો ગુણ ગ્રહણ કરે અને પોતાના અવગુણ ગ્રહણ કરીને અનુતાપ કરે. પછી એમ ને એમ પરિતાપ કરતે કરતે એના હૃદયને વિષે વૈરાગ્ય ઊપજે અને પછી તેમાં સત્પુરુષના જેવા ગુણ આવે છે.' (૨૫)

### (વિભાગઃ ૨ 'સ્વામીની વાતો' ને આધારે)

**અભ્યાસક્રમની વાતોના ક્રમાંક :** પ્રકરણ ૩/૧, ૩, ૫, ૭, ૮, ૯, ૧૦, ૧૨, ૧૩, ૧૫, ૧૬, ૧૭, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૩

**પ્ર.૪ નીચે આપેલાં પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૫)**

> ☞ **નોંધ : જવાબ આખા વાક્યમાં આપેલ હોવો જોઈએ. નહિ કે શબ્દોમાં. અડધા જવાબના ગુણ આપવા નહીં. પ્રશ્ન સાથે આપેલ અંક પ્રકરણ નંબર અને સ્વામીની વાતોનો નંબર છે.**

૧. મુક્તાનંદ સ્વામીની મોટપનું કારણ શું છે ? (૩/૩)

**જ.** સાક્ષાત્કાર ભગવાનના સંબંધને કારણે મુક્તાનંદ સ્વામીની મોટપ છે.

૨. બ્રહ્મરૂપ કેમ થવાય ? (૩/૧૨)

**જ.** આવા સાધુને બ્રહ્મરૂપ જાણીને મન, કર્મ, વચને તેનો સંગ કરે છે તે બ્રહ્મરૂપ થાય છે.

૩. શીવલાલે કયાં બે મોટાં કામ કર્યાં ? (૩/૨૧)

**જ.** શીવલાલ શેઠે ગઢડામાં મૂર્તિ પધરાવી ને ભાવનગરમાં રઘુવીરજી મહારાજને પધરાવ્યા એ બે મોટાં કામ કર્યાં.

૪. મોટાપુરુષનો હૃદગત અભિપ્રાય ક્યારે જણાય ? (૩/૨૫)

**જ.** એક કલ્પ સુધી જો મુક્તાનંદ સ્વામી, તથા ગોપાળાનંદ સ્વામી તથા ક્રિપાનંદ સ્વામી એવાને સેવીએ ત્યારે જણાય.

૫. સત્સંગમાં મહારાજનું સુખ ક્યારે આવે છે ? (૩/૨૦)

**જ.** મોટા એકાંતિક સાધુને વળગે ત્યારે મહારાજનું સુખ આવે.

**પ્ર.૫ કૌંસમાં આપેલા વિકલ્પોમાંથી સાચો જવાબ શોધીને ખાલી જગ્યા પૂરો. (કુલ ગુણ : ૫)**

૧. શ્રીજીમહારાજ તો **ગારડી** ને ઠેકાણે છે. (૩/૫)

૨. અમારા ખરેખરા સત્સંગી તો **ગોરધનભાઈ** તથા પર્વતભાઈ આદિક છે. (૩/૯)

૩. પુરુષોત્તમ પધરાવવા હોય તો **બ્રહ્મરૂપ** થાવું. (૩/૧૩)

૪. મારો રાજીપો થાય એને બુદ્ધિયોગ કાં **રૂડા સાધુ** નો સંગ આપું છું. (૩/૩૨)

૫. હેત, વિશ્વાસ અને **નિષ્કપટપણે** વર્તે તો જીવ બ્રહ્મરૂપ થયા વિના ન રહે. (૩/૩૩)

**પ્ર.૬ નીચે આપેલાં વિષયોમાંથી કોઈ પણ એક ઉપર વિસ્તૃત નોંધ લખો. (કુલ ગુણ : ૧૦)**

> ☞ **નોંધ :- જવાબોની સમજૂતી માટે નીચેના મુદ્દાઓની આવશ્યકતા.**

| | |
|---|---|
| ૧. પરોક્ષ શાસ્ત્રોનું પ્રમાણ, પરોક્ષના ભક્તોના કીર્તન / શ્લોક અથવા સાખી | ૧ ગુણ |
| ૨. શ્રીજીમહારાજના વચનામૃત અથવા સ્વામીની વાતુના પ્રમાણ | ૧ ગુણ |

૩. નંદ પંક્તિનાં કીર્તનો અથવા ગુરુ પરંપરાના કીર્તનો - સાખી અથવા આપણા અન્ય શાસ્ત્રો ૧ ગુણ
૪. ઉપરના સંદર્ભો વધુ સ્પષ્ટ કરતાં પ્રસંગો અથવા દૃષ્ટાંતો બે કે તેથી વધુ. ૩ ગુણ
૫. પ્રગટ સત્પુરુષના અનુસંધાન સાથે ઉપસંહાર. ૧ ગુણ
૬. આપનો નિર્ણય આખરી ગણાશે.

**૧. ત્રણ ફૂલની વાતઃ** ૧. જીવ બીજે ક્યાંઈયે અટકતો નથી, મહારાજને પુરુષોત્તમ કહેવા તેમાં અટકે છે. પછી રઘુવીરજી મહારાજે પ્રશ્ન પૂછ્યો જે, 'મહારાજનાં ચરિત્ર દીઠાં-સાંભળ્યાં હોય તોય કહેતાં-લખતાં અટકે છે. (૩/૧૯) ૨. રઘુવીરજી મહારાજ ગાદી ઉપર ચંપાના ત્રણ ફૂલ મૂકીને બોલ્યા જે, 'કેટલાક તો આ ફૂલ સુધી પૂગે છે ને કેટલાક તો આ ફૂલ સુધી પૂગે છે, પણ આ ફૂલ સુધી તો કોઈ પૂગતા જ નથી,' એમ મર્મમાં વાત કરી. પછી સ્વામીએ ત્રીજું ફૂલ હતું તે અચિંત્યાનંદ બ્રહ્મચારીને દીધું. (૩/૧૯) **૨. ભગવાનની એક આજ્ઞા પાળવામાં પડતા ભેદઃ** ૧. મહારાજે આનંદ સ્વામીને તથા મુક્તાનંદ સ્વામીને તથા સ્વરૂપાનંદ સ્વામીને એ ત્રણેને પૂછ્યું જે, 'અમે તમને જે જે આજ્ઞા કરીએ જે આ પ્રવૃત્તિની ક્રિયાને તમે કરો ત્યારે કેમ કરો ? (૩/૭) ૨. આનંદ સ્વામીએ મુક્તાનંદ સ્વામીનો સમાગમ કરવો ને મુક્તાનંદ સ્વામીએ સ્વરૂપાનંદ સ્વામીનો સમાગમ કરવો. એમ કરે તો એકબીજાની કસર ટળે. એમ ઉત્તમ, મધ્યમ ને કનિષ્ટ ભેદ છે. (૩/૭) **૩. કાં સુખ હરિ કે ચરનમેં કાં સંતન કે માહિઃ** ૧. મોટા સાધુની સમજણમાં તો મહારાજની મૂર્તિ વિના પ્રકૃતિપુરુષ સુધી ઢૂંસા જ છે, પણ કાંઈ માલ જણાતો નથી. તમે એટલી ઘડી આવા સાધુનાં દર્શન ને વાતું મૂકીને શી કમાણી કરી ? (૩/૨૨) ૨. મહારાજની મૂર્તિ વિના અને સાધુ વિના પ્રકૃતિપુરુષ સુધી રાખનાં પડીકાં જ છે, તે ગમે તો મૂર્તિને મૂકીને દેવતાના લોકમાં જાઓ ને ગમે તો ઈશ્વર કોટિના લોકમાં જાઓ ને ગમે તો પુરુષ કોટિના લોકમાં જાઓ, પણ મહારાજની મૂર્તિ વિના ને આ સાધુ વિના સુખ કે શાંતિ ક્યાંઈ નથી.' એમ કહીને બોલ્યા જે, 'સુરપુર નરપુર નાગપુર એ તીનમેં સુખ નાંહિ; કાં સુખ હરિકે ચરણમેં કાં સંતનકે માંહિ.' (૩/૨૮)

**('બ્રહ્મસ્વરૂપ પ્રાગજીભક્ત' વિસ્તૃત જીવનચરિત્ર નવમી આવૃત્તિ જૂન ૨૦૦૮ના આધારે)**

**નોંધ :(૧) અત્રે આપેલા ઉકેલપત્રમાં ફક્ત મુદ્દા જ આપ્યા છે. પરીક્ષાર્થીની રજૂઆત તથા વિચારધારા પ્રમાણે ગુણ આપી શકાય. મુદ્દાની સામે આપેલા અંક ગ્રંથના પાના નંબર દર્શાવે છે.**
**(૨) નીચે આપેલાં પ્રસંગો અભ્યાસક્રમના આધારે તૈયાર કરેલા હોવાથી તે જ પ્રસંગો માન્ય ગણવા તે સિવાયના માન્ય ન ગણવા.**

**પ્ર.૭ નીચે આપેલાં વિષયોમાંથી કોઈ પણ એક ઉપર નિબંધ લખો. (કુલ ગુણ : ૨૦)**

**☞ નોંધ : વર્ણનાત્મક અને બે થી ત્રણ લીટીમાં ઉલ્લેખ કર્યો હોય તેવા ઓછામાં ઓછા દસ પ્રસંગો જરૂરી છે.**

**૧. આજ્ઞા અને અનુવૃત્તિના પાલક ભગતજી મહારાજ**

૧. 'એકવાર ચાર ફેરા ફર્યા પછી બીજે દિવસે મરી જાય તો ફરી સંકલ્પ ન કરવો.' ગોપાળાનંદ સ્વામીની આજ્ઞા અનુસાર લગ્ન કર્યું પણ વૃત્તિ સ્વામીમાં. ૧૭
૨. ગોપાળાનંદ સ્વામીની આજ્ઞાનુસાર જૂનાગઢના માર્ગે. ૨૧
૩. સ્વામીશ્રીની અનુવૃત્તિ જાણી લોક, લાજ, દેહસુખ, ઘર, સ્ત્રી આદિનો ત્યાગ કરી સ્વામીશ્રીની પાસે જ રહેવાનો ઠરાવ. ૩૧-૩૨
૪. હરિકૃષ્ણ મહારાજની મૂર્તિપ્રતિષ્ઠા સમયે સ્વામીશ્રીની આજ્ઞા પ્રમાણે વાઘા તૈયાર કરી હરિભક્તોને બતાવી રૂા. ૧૦૦૦ની સેવા સ્વામીશ્રીને ચરણે ધરી. ૪૧
૫. ભગતજીએ રૂા. ૬૦,૦૦૦ નો ત્યાગ કરી માગેલા ત્રણ વરદાન. ૪૫-૪૬
૬. હવેલીના કામમાં જોડાઈ ગયા. ૪૭
૭. અનુવૃત્તિ એ જ ભક્તિ. બસો પાવડા, પાંચસો ટોપલા ભેગા કરવાની આજ્ઞા અદ્ધર ઝીલી. ૫૦
૮. ગિરનારને બોલાવવા ગયા. ૫૧
૯. ભેખનું તો ભાંગી પડ્યું અને પ્રાગજીનું તો ચાલતું રહ્યું. ચુનાની ભઠ્ઠી કાઢતાં સાધુઓ જતાં રહ્યા ત્યારે. ૫૨

૧૦. સાંખડાવદરના બીડમાં તૃણોત્સવ સમયે વરસાદ થતાં બે ચાદર સાંધી ચોફાળ બનાવી સ્વામીને અંદર બેસાડ્યા. ૫૫
૧૧. છ માસ સુધી સર્વના વતાં કર્યાં, મશાલ ઝાલી અને વાળંદની સર્વે ક્રિયા કરી. ૫૬
૧૨. ફાળિયું ફાડી મશાલે વીંટીને દીવો કરી અજવાળું કર્યું. ૫૭
૧૩. સ્વામીની ક્રિયા પોતે સંભાળી લીધી, સ્વામીને નિરાંતે કથાવાર્તા કરવાની અનુકૂળતા કરી આપી. ૫૭-૫૮
૧૪. મરેલું કૂતરું ખસેડ્યું. ૫૯
૧૫. એંઠવાડની કૂંડીમાં સ્નાન - અડસઠ તીર્થ ૬૦
૧૬. 'ભગવાન ભૂલીને વાસણ શું ઊટકે છે ? સ્વામીની ટકોરથી વૃત્તિ ભગવાનમાં જોડી દીધી. ૬૪

**૨. ભગતજી મહારાજની બ્રાહ્મી સ્થિતિનો સહવાસીને થયેલ અનુભવ**

૧. ચાર વર્ષ સુધી ભગતજી સૂતા નથી - સ્વામી વિષ્ણુપ્રસાદજી, નરનારાયણદાસજી, આત્માનંદ બ્રહ્મચારી, જાગાભક્ત. ૪૯
૨. સાંખડાવદરના બીડમાં સાધુના કસબની વાત કરી ત્યારે મનજી ઠક્કર અને નથુ પટેલ બોલ્યા, 'સ્વામી બહુ પારસાવ્યા.' ૭૧
૩. માણાવદરમાં પ્રેમજીભાઈ ભગતજીના મહિમાની વાતો કરતા. ૭૧
૪. આપની એણે અત્યંત સેવા કરી છે તેનું ફળ તેને મળ્યું છે - ગણોદના દરબાર અભેસિંહ. ૭૪
૫. ગોંગડાની પ્રસાદી દ્વારા સર્વ દોષ ગયા ? તે પ્રસંગથી સભામાં સૌને ભગતજીનો મહિમા થયો. ૭૭
૬. ગુણાતીત ઊઠો ! પ્રાગજી ભક્ત હવે પ્રાગજી નથી રહ્યા. ગુણાતીત થઈ ગયા છે- બાલમુકુન્દદાસ સ્વામી ૮૨
૭. ૧૫૦ સાધુ તથા ૨૦૦ હરિભક્તોને પ્રાયશ્ચિત અપાવ્યાં. ૮૫
૮. આ દસ દિવસ અલૌકિક બ્રહ્મજ્ઞાનનું સુખ મળ્યું-મહુવાના દામોદર શેઠ, લીલાધર, વિઠ્ઠલભાઈ, ફૂલચંદભાઈ૮૭
૯. ભગતજીને વિષે ઘણાને સ્વામીના સ્વરૂપની પ્રતીતિ જૂનાગઢ મંદિરના ચોકમાં ભગતજીની કથાવાર્તા ૮૭
૧૦. ભાડેર, ગણોદ, જાળિયા વગેરે ગામના હરિભક્તોએ સ્વામીને કહ્યું તમે આ શું કર્યું ? આ દરજીને અપાર ઐશ્વર્ય આપ્યું ! હવે પાછું ખેંચી લો. ૮૮,૮૯
૧૧. મહુવાના વિઠ્ઠલભાઈ : ચકલી ગરુડના પારને પામી ગઈ એવું થયું છે. ૯૫
૧૨. વાઘાખાચરની સુષુપ્તિ અવસ્થા જ મટી ગઈ. ૯૫,૯૬
૧૩. વંથળીના દેવજીભાઈને ભગતજીએ કહ્યું તમારે જે જોવું છે તે કાલે ઘેર જશો ત્યારે સાંભળશો. ૯૯
૧૪. એમની ગોદડીમાંથી અનંત સૂર્યનું તેજ નીકળે છે, તે મારાથી પાસે અવાતું નથી. ૯૯
૧૫. મંગળજી ઠક્કરને નિશ્ચય. ૧૦૧-૧૦૨
૧૬. આ પ્રાગજી જેવો અમને કેમ આનંદ આવતો નથી ? માધવચરણદાસ, નથુ પટેલ, મનજી ઠક્કરનો પ્રશ્ન.૧૧૨
૧૭. પ્રાગજીભક્ત જેવા તો વર્તમાનકાળે એ એક જ છે. કમાશેઠે ધોલ મારી તે પ્રસંગ ૧૧૪
૧૮. અક્ષરધામની કૂંચી પ્રાગજી ભક્તને સોંપી છે-સ્વામીશ્રીએ કોઠારી અંબાઈદાસને ભગતજીની આપેલી ઓળખ ૧૧૭
૧૯. તમારા ધર્મમાં વિપરીત રીત કેમ ? મહુવાના વહીવટદારનો ભરી સભામાં આચાર્ય મહારાજ તથા સદ્‌ગુરુઓને પ્રશ્ન - પવિત્રાનંદ સ્વામીએ કહેલો ભગતજીનો મહિમા. ૧૩૯
૨૦. આ પ્રાગજી ખરેખરો એકાંતિક ભક્ત છે અને અજાતશત્રુ છે - પવિત્રાનંદ સ્વામી ૧૪૦
૨૧. આને લોકો વિમુખ કહે છે પણ આ જ એકાંતિક સત્સંગી છે. ગુણાતીતાનંદ સ્વામી અમદાવાદમાં. ૧૪૬
૨૨. જો ધારે તો સત્સંગની બહાર પણ હજાર હજાર માણસો તેની પાછળ ફરે એવો પ્રતાપી અને જ્ઞાની છે. - શુકસ્વામી તથા બીજા સદ્‌ગુરુઓ. ૧૪૬
૨૩. ગુણાતીતાનંદ સ્વામીની સંપૂર્ણ કૃપા આના ઉપર થઈ છે. નહિ તો આવું નિર્માનીપણું, અખંડ ભજન, કથાવાર્તા તથા સેવાનું અંગ ન હોય - શુકસ્વામી. ૧૬૩
૨૪. તું જેવા સત્પુરુષને ઇચ્છે છે તેવા વર્તમાનકાળે પ્રાગજી ભક્ત છે તો તેમનો મન, કર્મ, વચને સમાગમ કરજે. - લલ્લુભાઈ દેસાઈએ ગિરધરભાઈને કહ્યું. ૧૬૫
૨૫. ગુણાતીતાનંદ સ્વામીએ તારા દેહ પર પૂર્ણ કૃપા કરી છે અને તને એકાંતિક ધર્મ પમાડ્યો છે, એમ મને આજે પૂરી ખાતરી થઈ છે - પવિત્રાનંદ સ્વામી (આણંદ અપમાન પછી) ૧૭૯

૨૬. તારા દર્શને કરીને જ મને આજે અપાર શાંતિ થઈ ગઈ છે. હવે આવું સબીજ જ્ઞાન જે સ્વામીના પ્રતાપથી તેં સિદ્ધ કર્યું છે તે કોઈ સારા અધિકારી પાત્રને આપજે - પવિત્રાનંદ સ્વામી. ૧૭૯

૨૭. આ પ્રાગજી ભગતની શી વાત કરું ? સ્વામીનો સિદ્ધાંત યથાર્થ સમજી, સ્વામી સ્વરૂપ બની ગયા છે. આથી એમને પૂંઠ કેમ દેવાય ? નાગર હરિભક્ત ચકુભાઈ. ૧૮૭

૨૮. તમે તો બહુ જ મોટા છો અને મહારાજ તમારે વશ છે - આચાર્ય વિહારીલાલજી મહારાજ (ચરણારવિંદના પાડનારા શ્રીજીમહારાજનો પ્રસંગ) ૧૯૮

૨૯. તમે સાચા મારફતી પુરુષ છો. મને છતી દેહે મારફતી પુરુષ મળ્યા અને મારો મોક્ષ થઈ ગયો. પેટલાદના જમાદાર. ૨૨૮

૩૦. સાધુને જે કહેવા મેં ધાર્યું હતું તે જ તમે મારા અંતરનું કહ્યું. તમે સાધુને વઢો પણ આવું ઐશ્વર્ય જોઈને કેડે કેમ ન ફરે ? એ તો ફરે જ ! - રાવસાહેબ. ૨૩૧

૩૧. એમના સમાગમથી મને એમ નિશ્ચય થયો છે કે વચનામૃતમાં જ્યાં જ્યાં મહારાજે એકાંતિકનાં લક્ષણ કહ્યાં છે તે બધાં ભગતજીમાં મળતા આવે છે - મોતીભાઈએ લખેલ પત્રો. ૨૪૦-૨૪૧

૩૨. તેમના જેવા ધર્મવાળા તો કોઈ જોયા જ નથી - નિશ્ચયમાં તો એ પર્વતપ્રાય છે - આ વચનામૃત પ્રમાણે ભગતજી પરમ એકાંતિક છે. (આ પ્રાગજીમાં તમે શું દીઠું છે ? તેની પ્રશ્નોત્તરીમાં) વિઠ્ઠલભાઈ ૨૫૦થી૨૫૨

૩૩. રંગાચાર્ય - આ પ્રાગજી ભક્ત એકાંતિક મહાત્મા છે. ૩૦૭

૩૪. મહારાજની કેવી મરજી છે તે અંતર્વૃત્તિ કરીને જુઓ આચાર્ય વિહારીલાલજી. (લક્ષ્મીવાડીએ મૂર્તિપ્રતિષ્ઠામાં) ૩૦૭

૩૫. પ્રાગજી ભગતે ગુણાતીતાનંદ સ્વામીને એવા રાજી કર્યા છે કે સવાસો પગથિયાનું સોનાનું સિંહાસન કરી તેમાં તેમને બેસારી સવાસો દીવાની આરતી જો કરીએ તો પણ તે ઓછું છે - સ્વામી બાલમુકુંદદાસજી ૪૭૨

૩૬. તપમાં, નિયમમાં, વર્તનમાં તમારી તોલે કોઈ ન આવે - શાસ્ત્રી ધર્મતનયદાસજી. ૫૧૩

**૩. જૂનાગઢમાં ભગતજી મહારાજ અને જાગા સ્વામીની ગોષ્ઠી**

૧. આ સત્સંગમાં આવી ખોટ ટાળવી. ૪૭૮

૨. ભજન કરતાં કરતાં ક્રિયા કરવી. ૪૮૧

૩. જ્ઞાનએ સાંખ્ય છે, ધ્યાન એ યોગ છે. ૪૮૩

૪. ભગવાનમાં પ્રીતિ દૃઢ કરવા માટે દસ એકડા ભણવા. ૪૮૪

૫. તુલસી દવેની નિરાવરણ સ્થિતિ. ૪૮૫

૬. વિષયનો સંકલ્પ રહે છે તેનું શું કારણ ? ૪૮૮

૭. વિષયનું સુખ લાંપડાના તાપ જેવું છે. ૪૯૦

૮. ગંડવા ચાલે ત્યારે પ્રભુ ભજાય. ૪૯૨

૯. સેવાના ત્રણ પ્રકાર. ૪૯૪

૧૦. સ્વામીની ઉપશમ દશાવાળી વાત. ૪૯૭

૧૧. ગુણ આવે છે તે વૃદ્ધિને પામે છે. ૫૦૧

૧૨. પ્રેમી ધ્યાની કે વેગી ન થવું. ૫૦૩

૧૩. જૂનાગઢની રમણરેતી. ૫૦૫

૧૪. ત્રણ પ્રકારનો કુસંગ. ૫૦૭

૧૫. મહિમા હોય તો સુખ આવે. ૫૧૪

**પ્ર.૮ નીચે આપેલાં વિષયોમાંથી કોઈ પણ બે ઉપર નોંધ લખો. (કુલ ગુણ : ૨૦)**

**☞ નોંધ : જે પ્રશ્નમાં વધારે પ્રસંગો આવતા હોય તેમાં વર્ણનાત્મક અને બે થી ત્રણ લીટીમાં પ્રસંગના ઉલ્લેખ સાથે પાંચ પ્રસંગો આપવા જરૂરી છે.**

**૧. પ્રાગજી ભક્તે કરેલો ગોપાળાનંદ સ્વામીનો સમાગમ**


| | | |
|---|---|---|
| ૧. | આને અને અમારે પૂર્વની ઓળખાણ છે - ગોપાળાનંદ સ્વામીના યોગમાં. | ૧૪-૧૫ |
| ૨. | અક્ષરધામમાં મહારાજ અને આપની પાસે શી રીતે રહેવાય ? - પ્રાગજી તારું લગન થયું છે ? | ૧૬-૧૭ |
| ૩. | પ્રેમમાં જ્ઞાનની જરૂર - પ્રાગજી ! તું જૂનાગઢ જજે. | ૧૮-૧૯ |


**૨. બ્રહ્મનો સાક્ષાત્કાર**


| | | |
|---|---|---|
| ૧. | સંવત ૧૯૨૦ના ચોમાસા સુધીમાં શ્રીજીને અખંડ ધારી શકે તેવું પાત્ર ઘડાતાં સ્વામીશ્રીની સુખ આપવાની ઈચ્છા. | ૭૯ |
| ૨. | નવ દિવસ અખંડ ધ્યાનમાં - દસમા દિવસે સાધુરૂપે મહારાજના દર્શન (મૂર્તિ વર્ણન) | ૭૯-૮૦ |
| ૩. | પ્રાગજી ભક્તને મળેલા સુખનું વર્ણન. | ૭૯-૮૦ |
| ૪. | સોનેરી વસ્ત્ર, અલંકાર સહિત દિવ્ય મૂર્તિના દર્શન. | ૮૦ |
| ૫. | મહારાજનું વચન - **'આજથી તારે વશ છું.'**- 'જેવું છે તેવું કહીએ તો તને અને મને બંનેને દુઃખ આવે.' - સ્વામીશ્રી - સંવત ૧૯૧૭માં આપેલો કોલ સંવત ૧૯૨૦માં પૂરો કર્યો. | ૮૧-૮૨ |


**૩. ભગતજી મહારાજે કરાવેલી શાસ્ત્રીજી મહારાજની ઓળખાણ**


| | | |
|---|---|---|
| ૧. | એ તો મારો કોડીલો લાલ છે. | ૧૯૬ |
| ૨. | ચરણારવિંદના પાડનાર શ્રીજીમહારાજ એને હું આપીશ એટલે ઘણા સાધુ તેમની પાસે રહેશે. | ૧૯૮ |
| ૩. | એ બધાનું કપટ આ નાના સાધુ (શાસ્ત્રીજી મહારાજ) જેવું છે તેવું કહેશે માટે તેમને પૂછો. ભગતજીમાં તમે શું દીઠું છે ? | ૨૪૯ |
| ૪. | યજ્ઞપુરુષદાસજી ઠાકરિયો વીંછી છે. | ૨૯૬ |
| ૫. | આ તો તમારાં અંતર ચોખ્ખાં કરવાની સાવરણી છે. | ૪૪૬ |
| ૬. | કોઠારી, મને વરતાલ લ્યો. | ૫૩૮ |


**૪. વિજ્ઞાનદાસ સ્વામીની મુમુક્ષુતા**


| | | |
|---|---|---|
| ૧. | સંવત ૧૯૨૮ માં ભગતજી વરતાલમાં - ગિરધરભાઈને ભગતજીનો યોગ. | ૧૬૩ |
| ૨. | બ્રહ્મસ્થિતિવાળા સદ્ગુરુ મળે તો તેમની પાસે રહી બ્રહ્મસ્થિતિ પ્રાપ્ત કરવાની ઈચ્છા - પોતે ઉત્તમ મુમુક્ષુ. | ૧૬૪ |
| ૩. | આવા સદ્ગુરુની શોધમાં જુદા જુદા દેશમાં વિચરણ - જુદા જુદા સદ્ગુરુ પાસે રહ્યા પણ શાંતિ ન થઈ - પાછા વરતાલમાં. | ૧૬૪ |
| ૪. | છેવટે હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ પાસે એક પગે ઊભા રહી માળા ફેરવવાની શરૂઆત મહારાજનાં દર્શન - સ્તુતિ કરી - 'બ્રહ્મસ્થિતિ પ્રાપ્ત કરાવે તેવા સત્પુરુષ પ્રાગજી ભક્ત છે. તેમને સેવવાની આજ્ઞા કરી - મહારાજ અંતર્ધાન - ગિરધરભાઈને આશ્ચર્ય - પ્રતિતી ન આવી - વિશ્વાસ ન આવ્યો - સંકલ્પ વિકલ્પ થવા લાગ્યા - ફરીથી તેવું જ તપ. ફરીથી મહારાજના દર્શન - વર્ણનું માન મૂકીને તેમને શરણે જવાની આજ્ઞા - ભગતજીના યોગમાં - પ્ર. ૨૭ પ્રમાણે નિરૂપણ - ગિરધરભાઈને પરિપૂર્ણ નિષ્ઠા - અખંડ ભગતજીનો સમાગમ - પરિપૂર્ણ નિષ્ઠા - દિક્ષા અપાવી સાધુ કર્યા - વિજ્ઞાનદાસજી નામ ધારણ કર્યું. - બ્રહ્મ સ્થિતિ પ્રાપ્ત કરવા ભગતજીની આજ્ઞામાં જોડાઈ ગયા. | ૧૬૬ થી ૧૭૦ |


❑ ❑ ❑